જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં બે હજારથી વધુ તાવના દર્દી મળી આવ્યા

૧૮૦થી વધુ ગામોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સંપન્ન

ત્રણ હજારથી વધુ સ્થાનોએ મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં મેલેરિયા નાબુદી અભિયાન અંતર્ગત રાજ્ય સરકારની સૂચનાથી હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૭૦ ટકાથી વધુ લોકોને આવરી લઈ ત્રણ હજારથી વધુ સ્થાનો પરથી મચ્છરોના લાર્વા શોધવા ઉપરાંત બે હજારથી વધુ લોકો તાવથી પિડાતા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સની આ કામગીરી દરમ્યાન જ સરઢવમાંથી ચિકનગુનિયાના મળી આવેલા ૮ શંકાસ્પદ કેસ એ સૌથી મોટી સફળતા છે. જિલ્લામાં હીટવેવ હોવા છતાં ત્રણ હજારથી વધુ સ્થાનોએથી મળેલા મચ્છરોના લાર્વાને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે.

પ્રિ. મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે હાથ ધરાયેલ આ સર્વેલન્સને કારણે તંત્ર હવે મેલેરિયા વિરોધી માસની ઉજવણી દરમ્યાન સંવેદનશીલ વિસ્તારોને અલગથી તારવી તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં સર્વેલન્સ દરમ્યાન ૮ લાખ જેટલા લોકોને આવરી અને તેમને પાંચ જેટલા પ્રશ્નો પુછવામાં આવ્યા છે. આમાં બે હજારથી પણ વધુ લોકો તાવની બિમારીથી પિડાતા મળી આવ્યા હોઈ તેમના લોહીના નમૂના મેળવી અને પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લામાં વાહકજન્ય રોગચાળો વકરતો અટકશે તેવો વિશ્વાસ હાલ તંત્ર વ્યક્ત કરી રહેલ છે. આ સર્વેલન્સ હજુ વધુ બે દિવસ ચાલશે અને જિલ્લાની ૧૩ લાખની વસતીને આવરી લેવાનું આયોજન છે. અત્યાર સુધીમાં ૧૮૦થી વધુ ગામોમાં સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ ગઈ હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

પુનઃ ગરમી - શહેરમાં છેલ્લા બે દિવસથી તાપમાન પુનઃ ઉંચકાયું છે... તાપમાનનો ગગડેલો પારો ફરીથી ૪૦-૪૧ ડિગ્રી પર પહોંચ્યો છે... ગરમીની સીધી અસર શહેરના વાહન વ્યવહાર પર વર્તાય છે... ખાસ કરીને ટુ-વ્હીલરના ચાલકો ગરમીથી બચવા પ્રયાસો કરે છે...

ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાના ફુટેજની ચકાસણીમાં ૨૯ પરીક્ષાર્થીઓ શકમંદ

બોર્ડ દ્વારા શકમંદ પરીક્ષાર્થીઓને બોલાવી હીયરીંગની પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૮

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક પરીક્ષા ખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ રાખવામાં આવી હતી. જયારે જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા પરીક્ષાના આ ફુટેજનુ નિરિક્ષણ કરી ૨૯ શકમંદ વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓની વિગત શિક્ષણ બોર્ડને સુપ્રત કરી દેવામાં આવી છે. ટુંકમાં જ બોર્ડ દ્વારા આ પરીક્ષાર્થીઓને હિયરીંગ માટે બોલાવાશે જયારે ગેરરીતી માલુમ પડશે તો કાર્યવાહી કરાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ -૧૦ અને ૧૨ ની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પુરતી તકેદારી રાખવામાં આવી હતી. પરીક્ષા દરમિયાન સ્કોવાર્ડની ટીમ ઉપરાંત પ્રત્યેક વર્ગ ખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ પણ

● અનુસંધાન પાન-૭ પર

પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોની સર્વિસ બુક ઓનલાઈન કરવા વિચારણા

ગાંધીનગર, તા. ૨૮

રાજ્ય સરકાર દ્વારા હવે પ્રા. શાળાના શિક્ષકોની સર્વિસ બુક ઓનલાઈન કરવાની દિશામાં વિચારણા હાથ ધરી છે.

પ્રાથમિક શિક્ષણ નિયામકે આ અંગે દરેક જિલ્લામાં પત્ર પાઠવી તેમના તાબાની તમામ શાળાના શિક્ષકોની સર્વિસબુક અપડેટ કરી રાખવા તાકીદ પણ કરી છે.

મળતી વિગતો મુજબ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા આ અંગેની આખી દરખાસ્ત રાજ્યના શિક્ષણ વિભાગને મંજૂરી માટે મોકલી આપવામાં આવી છે અને તે અંગે ૧લી મે ની આસપાસ નિર્ણય લેવાઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

શિક્ષણ વિભાગની વહીવટીય મંજૂરી મળી જતાં જ આ દિશામાં પ્રા. શિ. નિયામકશ્રીની કચેરી દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને ડિસેમ્બર-૧૭ સુધીમાં તમામ શિક્ષકોની સર્વિસબુક ઓનલાઈન કરી જાન્યુઆરીમાં તેનું લોકાર્પણ કરવામાં આવશે.

સ્થાપનાદિનની ત્રિદિવસીય ઉજવણીનો આજથી આરંભ થશે

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લામાં આજથી ત્રિદિવસીય રાજ્યના સ્થાપના દિનની ઉજવણીનો કાર્યક્રમ શરૂ થશે.

આજે સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરમાં વિવિધ સ્થાનો પર મુકવામાં આવેલ પ્રતિમાઓની સફાઈ તેમજ ટ્રાફિક અવરનેશના વિશેષ કાર્યક્રમો યોજામાં આવ્યા છે.

૩૦મીએ યોગા ડે તેમજ ગાંધીનગર અને રાજ્યની અત્યંત દુર્લભ તસવીરોનું પ્રદર્શન યોજવામાં આવનાર છે. બલરામભવન ખાતે તસવીરોનું પ્રદર્શન યોજાશે, જ્યારે સ્વર્ણિમ પાર્કમાં સવારે યોગા ડે નિમિત્તે વિવિધ યોગાસનો કરવામાં આવનાર છે. જિલ્લાતંત્ર દ્વારા રોજગાર મેળો, લોક ડાયરો તેમજ પોલીસ બેન્ડ અને રન ફોર ગુજરાતના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શહેરને રોશનીથી સજાવવાની કામગીરીનો આરંભ થઈ ગયો છે.

એસ.ટી. ડેપો સંકુલમાં ઉબડ ખાબડ ફલોરિંગમાં નવી ટાઈલ્સ નાંખવાનુ કામ શરૂ

મુસાફરલક્ષી અન્ય સુવિધાઓ અપગ્રેડ કરવા માંગ

ગાંધીનગર તા ૨૭

નગરના એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. ત્યારે એસ ટી ડેપોમાં મુસાફરોને લગતી સુવિધાઓ પણ ખાડે ગઈ છે. એસ ટી ડેપોમાં લાંબા સમયના અંતે ફલોરીંગની ટાઈલ્સો પણ તુટેલી જોવા મળી રહી છે. એસ ટી નિગમ દ્વારા ડેપો બિલ્ડીંગની

ટાઈલ્સો બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. બે તબક્કામાં કામગીરી પુર્ણ કરવામાં આવશે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાતો હવા થઈ ગઈ છે. હાલ ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાઈ રહયો છે. ડેપો સંકુલમાં હજુ સ્વચ્છતાનો અભાવ વર્તાઈ રહયો છે. જયારે સંકુલમાં સલામતી વ્યવસ્થાના નામે પણ મીંડુ છે. આવા સંજોગોમાં ડેપોમાં સુવિધા અને સુરક્ષાની વ્યવસ્થા યોગ્ય કરવા માટે નક્કર આયોજન થાય તેવો સુર ઉઠવા પામ્યો છે. ડેપોના ઉબડ ખાબડ માર્ગની સુધારણા માટે પણ લાંબા સમયના અંતે કામ પુર્ણ કરવામાં આવ્યુ છે. ત્યારે ડેપોના બિલ્ડીંગમાં બસ સ્ટેન્ડ પર ફલોરિંગની ટાઈલ્સો પણ ઘણાં સમયથી તુટેલી હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. ફલોરિંગની ટાઈલ્સો ઉખડેલી અને તુટેલી હાલતમાં હોવાના લીધે

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના પ્રાથમિક શિક્ષકો માટે ૮મીથી ત્રિદિવસીય વાંચન શિબિર

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા શિક્ષણ તાલિમ ભવન દ્વારા સતત દસમા વર્ષે શિક્ષકોમાં વાંચન અભિરૂચિ વધે તે માટે વાંચન શિબિરનું ૮મી મે થી ૧૧ મે દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધી ૨૦થી વધુ શિક્ષકોનું રજીસ્ટ્રેશન થયુ હોવાનું પ્રોજેક્ટ ઈન્ચાર્જ કિરણબેન ત્રિવેદીએ જણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ વખતે શિક્ષકોની સંખ્યા ૫૦થી વધુ થશે તેવો તેમને વિશ્વાસ છે અને શિક્ષકો વધુમાં વધુ આ શિબિરમાં જોડાય તે માટે પરિપત્ર પણ કરી દેવામાં આવ્યો છે.

૧૧ થી ૫ ના સમયગાળા દરમ્યાન યોજાતી આ વાંચન શિબિરમાં પ્રસિદ્ધ કવિ-સાહિત્યકારો સાથે સાક્ષાત્કાર ઉપરાંત પુસ્તકની સમીક્ષા તેમજ વિવિધ ગોષ્ઠીઓનું પણ આયોજન કરવામાં આવે છે. આ વાંચન શિબિરમાં શૈક્ષણિક ઉપરાંત નવલકથા, પ્રવાસકથા, ટૂંકીવાર્તાઓ, કવિતાના વિવિધ સંગ્રહો સહિતના પુસ્તકો શિક્ષકો બહુ

● અનુસંધાન પાન-૭ પર

એસ ટી ડેપોમાં ધુમ્રપાન કરતા પ ડ્રાઈવર-કંડકટર સહિત ૮ને દંડ

ડેપો સંકુલમાં નિર્મળ નગર અને વ્યસન મુક્તિના અભિગમને વેગ આપવા માટે કડક ઝુંબેશ

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં ધુમ્રપાન કરતા ડ્રાઈવર કંડકટરો અને મુલાકાતીઓની સામે લાલ આંખ કરવામાં આવી છે. ડેપો સંકુલમાં પાનની પિચકારી મારી ગંદકી કરતા ડ્રાઈવર કંડકટરો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. છેલ્લા એક મહીનામાં ડેપોમાં પાનબીડીનુ સેવન કરતા આઠ કિસ્સામાં દંડ વસુલાયો છે. જેમાં પાંચ ડ્રાઈવર કંડકટરનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર એસ ટી ડેપોને નિર્મળ બનાવવા તેમજ વ્યસન મુક્તિના અભિયાનને વેગ આપવા માટે જાહેરમાં ધુમ્રપાન કરતા મુલાકાતીઓ પાસેથી દંડ વસુલી કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

સે-૨૨ જૈનદેરાસરથી પંચદેવ મંદિર તરફના માર્ગને ૭ મીટર પહોળો કરાશે

ટ્રાફિકની અવરજવરને ધ્યાને લઇ માર્ગને ૨ મીટર પહોળો કરાશે

બીજા તબક્કામાં માર્ગ આસપાસ ફુટપાથનુ પણ નિર્માણ કરાશે

ગાંધીનગર તા ૨૮

સે- ૨૨ માં જૈન દેરાસરથી પંચદેવ મંદિર તરફના રીંગ રોડના વાઈડનીંગનુ કામ હાથ ધરાશે આ માર્ગને ટ્રાફિકની અવરજવરને સરળ બનાવવા માટે ૫ માંથી ૭ મીટર પહોળો કરવામાં આવશે. આ માટે અંદાજિત રૂ ૧ કરોડથી વધુ ખર્ચ થશે. ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સેકટરોના આંતરિક માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહયા છે. નગરના જુના અને નવા સેકટરોમાં માર્ગોની હાલત ખરાબ છે. જેના લીધે સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની સાથે સેકટરોના રીંગ રોડ પણ સમય જતા સાંકડા બની ગયા હોય તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. વાહનોની વધતી સંખ્યા સાથે નગરનો ટ્રાફિક સિનારીયો બદલાયો છે. જેના લીધે સેકટરોની સાથે જોડાયેલા રીંગ રોડ પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. આવા સંજોગોમાં શહેરમાં વાહનોની અવરજવરથી સતત ધમધમતા માર્ગોને અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. સે-૨૨ જૈન દેરાસરથી પંચદેવ મંદિર તરફના માર્ગની પણ આવી જ દશા છે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી આ માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધી છે. ત્યારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ અનેક સવાલો મંડરાયા છે. દાયકાઓના અંતે સાંકડા બનેલા આ માર્ગ પર હાલ વાહનોની અવરજવર જોખમી બની છે. રૂટમાં બે ધાર્મિક સ્થળો સહીત રહેણાંક વિસ્તાર અને કોર્મશિયલ પ્રવૃતિઓ

● અનુસંધાન પાન-૭ પર

કવિતા રાવલ પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને મહા ગુજરાત ચળવળના

સેનાની તેમજ પૂર્વ ગૃહમંત્રી સ્વ. પ્રબોધભાઈ રાવલ અને જાણીતા મહિલા આગેવાન દિવ્યાબેન રાવલની પૌત્રી તેમજ અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખ ચેતનભાઈ રાવલ અને જાણીતા ટી.વી. અભિનેત્રી શ્રીમતિ ડાયનાબેન રાવલની દિકરી કુ. કવિતા ચેતન રાવલે ડૉ. કામયાની માથુરના માર્ગદર્શનમાં ક્લીનીકલ સાઈકોલોજીમાં 'એનાલિસિસ ક્વોલીટી ઓફ લાઈફ' વિષય પર તૈયાર કરેલા મહાનિબંધને ગુજરાત યુનિ.એ પીએચ.ડી. માટે માન્ય કરેલ છે અને કવિતાને આ અંગે ડૉક્ટરેટની ડિગ્રી આપેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com